# વિધાનસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે કેન્દ્રીય નેતાઓના આંટાફેરા વધ્યા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી ટૂંક સમયમાં પુનઃ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે તો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પણ ગુજરાતની મુલાકાતે ફરી પધારશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વહેલી જાહેર થઈ શકે છે તેવી પૂરેપૂરી સંભાવનાઓ છે. જે પ્રકારે રાજકીય અને વહીવટીક્ષેત્રે તૈયારીઓ થઈ રહી છે જે જોતા પણ વહેલી ચૂંટણીના સંકેત મળી રહ્યા છે. વળી ટૂંકા ગાળામાં જ જે રીતે કેન્દ્રીય રાજકીય આગેવાનો વારંવાર ગુજરાત આવી રહ્યા છે તે જોઈને જ સમજાઈ જાય છે કે ગુજરાતમાં અંદરખાને ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આ વર્ષના અંતમાં આવે છે. પરંતુ તે ચાર-પાંચ મહિના વહેલી યોજાય તેવા એંધાણ હમણાં હમણાંથી જોવા મળી રહ્યા છે. રાજકીય અને વહીવટી ગતિવિધિઓ તો ક્યારનીય વધી ગઈ છે. સાથે જ કેન્દ્રીય આગેવાનોની ગુજરાતમાં વધી રહેલી અવરજવર વહેલી ચૂંટણીના એંધાણ આપી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હમણાં હમણાં બે થી ત્રણ વખત ગુજરાતમાં આવીને ગયા. રોડ શૉ થી લઈને વિવિધ કાર્યક્રમોમાં વધતી તેમની હાજરી અને તેમના દ્વારા લોકાર્પણ થઈ રહેલા નવા પ્રોજેક્ટ વધ્યા છે. નરેન્દ્ર મોદીની વધતી લોકપ્રિયતા ગુજરાતની ચૂંટણી જીતાડી શકે છે તે ભાજપને સમજાઈ ગયુ છે. ટૂંક સમયમાં ૨૫ એપ્રિલની આસપાસ તેઓ પુનઃ ગુજરાત પધારશે. તેવી જ રીતે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ ગુજરાત આવી રહ્યા છે અને વિવિધ રાજકીય કાર્યક્રમોમાં ભાગ લઈ કાર્યકરોમાં ઉત્સાહ વધારી રહ્યા છે.

તો બીજી તરફ પંજાબમાં ભારે બહુમતથી જીત હાંસલ કરનાર આમ આદમી પાર્ટી પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરવા તૈયારી કરી રહી છે. હમણાં જ આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અને દિલ્હના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના નવ નિયુક્ત મુખ્યમંત્રી ભગવંતમાન ગુજરાત આવ્યા હતા. અરવિંદ કેજરીવાલ ફરી ૧૭ એપ્રિલે ગુજરાત આવે તેવી શક્યતા છે. આ સમયે આમ આદમી પાર્ટીમાં જોડાવવા માટે પ્રવેશોત્સવ યોજાય તેવી સંભાવના છે.

આ ઉપરાંત રાષ્ટ્રપતિ પણ પુનઃ ગુજરાત આવે તેવી શક્યતાઓ છે. હમણાં જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાત પધાર્યા હતા અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ફરી તેઓ એપ્રિલ મહિનામાં જ ગુજરાત આવે તેવી શક્યતાઓ છે.

જે રીતે રાજકીય આગેવાનોના આંટાફેરા હાલમાં વધી ગયા છે તે જોતાં ટૂંક સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ શકે તેવી શક્યતાઓ છે.

# ચૂંટાયેલી પાંખનો લેટર બોમ્બ : જિલ્લા વિકાસ અધિકારીના બેહુદા વર્તન અંગે મુખ્યમંત્રીને રજુઆત

### બે પાનાના પત્રમાં અધિકારીઓ સાથેના બેહુદા વર્તન તેમજ ચૂંટાયેલા સભ્યો સાથે પણ અવમાનજનક વર્તનની ફરિયાદો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેની ખાઈ સતત મોટી થઈ રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત તમામ સભ્યોએ રાજ્યના મુખ્યમંત્રી તેમજ પંચાયત મંત્રી અને સંગઠ્ઠનના તમામ સ્તરે પત્ર લખી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દાખવવામાં આવતા અયોગ્ય વર્તનને લઈ પત્ર લખી રજુઆત કરી છે.

બે પાનાના વિસ્તૃત પત્રમાં આ સદસ્યો અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે અયોગ્ય વર્તન અવમાનજનક વલણ દાખવવાની વૃત્તિ સાથે પ્રાંતવાદનું ઝેર ઓકતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

અધિકારીઓ સાથે પણ તેઓનું બેહુદુ વર્તન જોવા મળ્યુ છે. આ પત્રમાં સભ્યોએ જણાવ્યું છે કે સરઢવ બેઠકના સભ્ય અને તેમના પતિ ગામના આગેવાનો સાથે રજુઆત કરવા ગયા ત્યારે પણ તેમનું બધાની હાજરીમાં અવમાન કરવામાં આવ્યું હતુ.

તેઓ રોફ જમાવવા માટે અધિકારીઓને પણ અપમાનિત કરતા હોવાની ફરિયાદો પંચાયતના વર્તુળોમાં સતત ચર્ચામાં રહી છે. જે અધિકારી તેમના તાબે ના થાય તે અધિકારી સામે શિક્ષાત્મક પગલાં ભરવાની ધમકીઓ આપવામાં આવે છે. તેમણે એક અધિકારી સાથે કરેલા બેહુદા વર્તનની ઘટનાને પણ આ પત્રમાં ટાંકી છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ મૌન ધારણ કરવાનુ એટલુ જ નહિ ચાલુ સભાએ વિપક્ષ દ્વારા ઔચિત્ય ભંગનો મુદ્દો રજુ થાય તો તેનુ ખંડન કરવાની તસ્દી પણ તેઓ નહિ લઈ પક્ષની પ્રતિભાને નુકશાન પહોંચાડ્યુ છે.

વિકાસના કામોની વહીવટીય મંજૂરી અને અન્ય મંજૂરીઓમાં પણ વિલંબની નીતિ તેઓ અપનાવી રહ્યા છે અને તેને કારણે ગ્રામીણ વિસ્તારમાં વિકાસના કામો ઠપ્પ થઈ જવા પામ્યા છે.

તેમના રહેઠાણના અંગત ચર્ચાઓ અધિકારીઓ પાસેથી વસુલ કરવાની નીતિએ પણ વૃત્તિ તેઓ ધરાવે છે તેવી ગંભીર વાત પત્રમાં લખવામાં આવી છે.

ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેનો ગજગ્રાહ સતત વધી રહ્યો છે એક તબક્કે સંગઠ્ઠને દરમ્યાનગીરી કરી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. જોકે ગત સપ્તાહમાં સભ્યો સાથે કરવામાં આવેલ અવમાનજનક વર્તનની ગંભીર નોંધ સંગઠ્ઠને પણ લીધી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ સહિત તમામ સભ્યોએ આ પત્રમાં સહિ કરી હોવાથી જિલ્લાના રાજકારણમાં જ નહિ પણ સચિવાલય કક્ષાએ પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

જિલ્લા પંચાયતના નવા મકાનની દરખાસ્તથી શરૂ થયેલો વિવાદ ઉગ્રતા ધારણ કરી રહેલ છે.



એપ્રિલ મહિનાના પ્રારંભમાં જ ઉનાળો તેનુ રોદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. ડામરના માર્ગો બપોર પડતા જ જાણે ધગધગતા અંગારા હોય તેમ તપી જાય છે. જોરદાર લૂ નો પ્રારંભ થઈ ચુક્યો છે. દિવસ દરમ્યાન વધી રહેલી ગરમીની જનજીવન પર ઘેરી અસર જોવા મળી રહી છે. તડકો ખુબ આકરો પડતો હોવાથી વસાહતીઓ દિવસ દરમ્યાન ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જેના કારણે નગરના માર્ગો સુમસામ લાગી રહ્યા છે. ના છૂટકે કોઈ અનિવાર્ય કારણોસર જ જો ઘરની બહાર નીકળવું પડે તો જ વસાહતીઓ બહાર નીકળે છે જેના કારણે બપોરે તો બજારોમાં પણ ખુબ ઓછી અવરજવર રહે છે.

# આજે જિલ્લાના ૭૩૫ લાખના વિકાસના કામોને મંજુરી અપાશે

## પ્રભારી મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષપદે આજે જિલ્લા આયોજન મંડળની બેઠક

ગાંધીનગર, તા. ૫

આજે જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષપદે સાંજે ૪ વાગે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક મળશે.

આજે મળનારી આ બેઠકમાં જિલ્લા માટે વર્ષ-૨૦૨૨-૨૩ના વર્ષ માટે રૂ. ૭૩૫ લાખના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવશે.

જિલ્લા આયોજન મંડળ દ્વારા ૩૭૨ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે. ગત વર્ષે મંજૂર કરાયેલ કામો પૈકી હાલ ૨૦૦ જેટલા કામો પ્રગતિ હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં વિકાસના કામો માટે ૨૦૨૧-૨૨માં કેન્દ્રીય ગૃહમંત્રી ગાંધીનગરના સાંસદ અમીત શાહે રૂ. ૨.૧૩ લાખના ૫૧ જેટલા કામો સૂચવ્યા હતા તો ગાંધીનગર પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલે રૂ. ૯૩ લાખના ૩૬ કામો સૂચવ્યા હતા અને મહેસાણાના સાંસદ શારદાબેન પટેલે રૂ. ૩૪ લાખના ૬ કામ સૂચવ્યા હતા.

ધારાસભ્યોએ પણ ૭૫૦ લાખના વિકાસ કામો સૂચવ્યા હતા. જે પૈકી ૧૦૦ થી વધુ કામો પ્રગતિ હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં પેથાપુર નગરપાલિકાનો વિસ્તાર મહાનગરપાલિકા સાથે ભેળવવામાં આવતાં રૂ. ૨૫ લાખનું નુકશાન થયુ હતુ પરંતુ માણસા તાલુકાના ગામોની સંખ્યામાં વધારો થતાં તાલુકાને હવે એક કરોડને બદલે ૧.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગત ચોમાસા દરમ્યાન વરસાદની ઘટ અને નલ સે જલ અભિયાનના સઘન અમલીકરણ માટે પાણી પુરવઠાના ૪૫ જેટલા, પ્રા. શિક્ષણ માટે ૨૦, પોષણક્ષેત્ર માટે ૪, પશુપાલનના અમલીકરણને સઘન બનાવવા માટે ૨ તેમજ વીજળીકરણને લગતા ૨૦ થી વધુ કામો સૂચવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વિકાસ કામોને આજે મંજૂરી મળી ગયા બાદ આ કામોની વહીવટીય મંજૂરી પણ ઝડપથી મળી જાય તે માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# આજે ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચશે

## પવનના સુસવાટાઓ ગરમીમાં રાહતરૂપ રહેશે. ૧૦મી એપ્રિલ પછી તાપમાન ઘટવાના સંકેતો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં ૬ થી ૧૦ એપ્રિલ દરમિયાન ગરમીનો પારો ૩૯ થી ૪૨ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગના હવાનાન પૂર્વાનુમાન કૃષિ સલાહ બુલેટીનમાં આ સંભાવના વ્યકત કરવામાં આવી છે.

૬ એપ્રિલના રોજ જિલ્લામાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચશે જયારે ૧૦મી એપ્રિલે પારો ગગડી ૩૯ ડિગ્રી રહે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે.

આ બુલેટીનમાં જણાવવામાં આવ્યું છેકે જિલ્લામાં આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુંથી ચોખ્ખું રહેશે. મહત્તમ તાપમાન ૩૯ થી ૪૨ ડિગ્રી જયારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૭થી ૫૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૪થી ૨૦ કિમી પ્રતિ કલાક રહેવાની શકયતા છે

આમ પવનની ગતિ ગરમીમાં થોડીક રાહત આપશે તેમ મનાઈ રહ્યું છે. ખેડૂતોને પણ ઉનાળુ વાવેતર પાકોમાં નીંદણ અને આંતરખેડની કામગીરી કરવાની સલાહ આપવામાં આવી છે.

જ્યારે મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આગામી ૪ દિવસમાં મહત્તમ તાપમાન ૪૩ થી ૪૪ ડિગ્રી જવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ વખતે કાળઝાળ ગરમી વહેલી આવી પહોંચી છે.

# શહેરમાં માથાદીઠ ૨૪૩ લીટર પાણીનો વપરાશ

## જિલ્લામાં ભુર્ગભ જળનુ સ્તર ૨.૫૫ મીટર નીચે : સેકટરોમાં પાણીની બુમ ન ઉઠે તે માટે ખુંણે ખુંણે પાણી સપ્લાય કરવામાં આવે છે : નિયત માપ કરતા વધુ માથાદીઠ પાણી સપ્લાય કરવામાં આવે છે

ગાંધીનગર તા ૫

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં શહેર તેમજ જિલ્લામાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય થાય તે માટે આયોજન કરાયુ છે. ગાંધીનગર શહેરમાં માથાદીઠ ૨૪૩ લીટર પાણી આપવામાં આવે છે. આમછતા શહેરના સેકટરોમાં પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. પાણીની મુખ્ય લાઈનમાં પ્રતિ મિનિટે ૬૦૦ લીટરના ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. ગત ચોમાસામાં વરસાદની ૨૧ ટકા ઘટના લીધે પણ ભુર્ગભ જળ નીચે ઉતર્યા છે. છેલ્લા અભ્યાસ મુજબ જિલ્લામાં ભુર્ગભ જળનુ સ્તર ૨.૫૫ મીટર જેટલુ નીચે ઉતર્યુ છે.

ઉનાળાની આકરી ગરમીના દિવસો ચાલી રહ્યા છે. દિનપ્રતિદિન ગરમીનો પારો ઉંચે ચઢી રહ્યો છે. એકબાજુ તંત્ર દ્વારા શહેરમાં પ્રતિદિન ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આમછતા પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરના સેકટરોમાં ખુણે ખુણે ફોર્સથી પાણી આપવા માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



જેમાં મેઈન લાઈનમાં પ્રત્યેક મિનિટે ૬૦૦ લીટરના ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જયારે પાટનગરમાં રાજયમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ છે. શહેરી વિસ્તારમાં માથાદીઠ ૧૪૦ લીટર પાણી આપવાના નિયત માપની સાથે વ્યકિત દીઠ ૨૪૩ લીટર પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. ગત ચોમાસામાં જિલ્લામાં વરસાદની ઘટ રહી હતી જિલ્લામાં ૨૧ ટકા જેટલો વરસાદ ઓછો થયો હતો. જિલ્લામાં આમ પણ ભુજળની સ્થિતિ અત્યંત કંગાળ છે. જયારે આ મામલે છેલ્લે થયેલા અભ્યાસ મુજબ પ્રાપ્ત થતા આંકડા પણ સ્પષ્ટ કરી રહ્યા છે. જયારે આ મુજબ જિલ્લામાં ભુર્ગભ જળનુ ૨.૫૫ મીટર જેટલુ નીચે ઉતર્યુ છે. આ સ્થિતિમાં ભુર્ગભ જળનુ દોહન વધુમાં વધુ નિયંત્રિત કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જયારે હાલની સ્થિતિએ તાલુકામાં ૯૦ થી ૧૨૦ મીટર ઉંડા બોર કરવામાં આવ્યા બાદ પાણી ઉપલબ્ધ થાય છે. જયારે કલોલમાં ૧૦૦ થી ૧૧૦ મીટર અને માણસામાં ૮૦ થી ૧૬૦ મીટર અને દહેગામમાં ૯૦ થી ૧૨૦ મીટરની ઉંડાએ પાણી મળે છે. જિલ્લામાં ચાર તાલુકા સહીત ગ્રામ્ય વિસ્તારમાં નર્મદા કેનાલ અને જુથ પાણી પુરવઠા યોજના આધારિત પાઈપલાઈનના આધારે પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે આ અન્વયે પણ ૪૦ થી વધુ ગામોને નર્મદાનુ પાણી મોંઘુ પડતુ હોવાથી આ સપ્લાય સ્વીકારતા નથી આવા સંજોગોમાં વરસાદી પાણીને જમીનમાં ઉતારવાની યોજનાનો અસરકારક અમલ થાય તે માટે પણ તંત્ર વધુ એલર્ટ થયુ છે.

જયારે ૫૫ જેટલા બોર તળાવનુ પણ નિર્માણ કરાયુ છે. આ તળાવમાં વરસાદી પાણી જમા થાય અને જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જયારે શહેરમાં માથાદીઠ પાણીની માત્રા ૧૪૦ લીટરની સામે ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ લીટર તેમજ ટ્યુબવેલ આધારિત વ્યવસ્થા હોય તેવા ઠેકાણે ૭૦ લીટર મુજબ પાણી સપ્લાય કરવાનુ આયોજન હોવા છતા શહેરમાં ૨૪૩ લીટર માથાદીઠ પાણી સપ્લાય કરવામાં આવ છે.

### સે-૧૭ છ-કક્ષાની વસાહતમાં

# છેલ્લા એક મહિનાથી ગટરો ઉભરાતા સ્થાનિકોને ગુંગળામણ

## અનેકવાર રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી : અસહ્ય સ્થિતિ વચ્ચે રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની ચાર દાયકા જુની લાઈન બદલવા માટે કામગીરી ચાલી રહી છે. પરંતુ શહેરમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરવાસીઓ ગટરો ઉભરાવાની સમસ્યાથી તોબા પોકારી ગયા છે. સેકટરોમાં નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે પાણી ગટરની લાઈનના ખોદકામના અંતે પણ રોજબરોજ સેકટરવાસીઓ માટે નવી સમસ્યા ઉભી થાય છે. જયારે સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. સે-૧૭ માં છ કક્ષાની વસાહતમાં છેલ્લા એક મહીનાથી ગટરનુ દુષિત પાણી ભરાયેલુ રહેતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ફરિયાદનો ત્વરિત નિકાલ થાય તે માટે પણ તંત્રને રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં એકબાજુ પાણી અને ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે.ત્યારે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામથી શહેરીજનો ત્રસ્ત છે. આડેધડ ખોદકામના લીધે પણ ઘણાં ઠેકાણે વિજ પ્રવાહ ખોરવાય છે. જયારે પાણી ગટરની હાલની હયાત લાઈન પણ ડિસ્ટર્બ થતા સેવા પર વિપરિત અસર પડી રહી છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે શહેરમાં ચાર દાયકા જુની પાણી ગટરની લાઈન બદલવા માટે કામ ચાલુ કરાયુ છે. પરંતુ હાલ શહેરના સેકટરોમાં રોજબરોજ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોનો અંત આવ્યો નથી ત્યારે ઉનાળાની આકરી ગરમીમાં પેચીદા બનતા પાણીના પ્રશ્નની સાથે ગટરોનુ દુષિત પાણી પણ ઉભરાતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. શહેરના સરકારી આવાસોના વિસ્તારમાં પણ ગટરોની સમસ્યા પણ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. સે-૧૭ માં બ્લોક નં ૪૫ઃ૨ છ કક્ષાના આવાસ વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી ગટર લાઈન બ્લોક થઈ ગઈ હોવાની ફરિયાદ પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. આ મામલે સે -૨૨ સ્થિત ઈન્કવાયરી કચેરીમાં વારંવાર ફરિયાદ કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White — THE WHITEST WHITE CEMENT

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# જિલ્લામાં બોર્ડ પરીક્ષા દરમિયાન અત્યાર સુધી એક પણ કોપી કેસ નહીં

## જિલ્લામાંથી ૧૦૬૮૦ વિદ્યાર્થીઓએ અંગ્રેજી દ્વિતીય ભાષાની પરીક્ષા આપી

ગાંધીનગર તા ૫

શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા લેવામાં આવી રહી છે. બોર્ડના વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની આ કસોટીમાં મુખ્ય વિષયના અલબત્ત મહત્વના તમામ પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યા છે. જેના લીધે હાલ વિદ્યાર્થીઓ તણાંવમુકત બની હળવાશ અનુભવી રહ્યા છે. જયારે હવે ભાષાના વિષયોની પરીક્ષા બાકી છે. જિલ્લામાં અત્યાર સુધી એકપણ કોપી કેસ નોંધાયો નથી પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ૨૯ જેટલા ઓબર્ઝવરની ટીમ પણ પરીક્ષા સ્થળો પર રાઉન્ડ લઈ રહી છે. બે વર્ષના અંતે બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગત વર્ષે કોરોના કાળમાં બોર્ડ પરીક્ષા યોજાઈ ન હતી અલબત્ત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવામાં આવ્યુ હતુ. જયારે આ વર્ષે પણ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થતા વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. આજે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી ૧૦૬૮૦ વિદ્યાર્થીઓએ અંગ્રેજી દ્વિતિય ભાષાની પરીક્ષા આપી હતી જયારે ૧૯૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com